# અબ્રાહમની માફક બાળકો ઈસુ પર વિશ્વાસ કરે

**પ્રાર્થના :** વહાલા આકશમાંના બાપ, બાળકોમાં ઈસુ પર વિશ્વાસ ઉત્પન્ન કરવા પવિત્ર આત્માની શકિતથી આ અભ્યાસ મહેરબાની કરી વાપરો. સાચા વિશ્વાસથી અને ખરા હ્યદયથી ભજવા તેમને દરરોજ પ્રાર્થના કરવા મદદ કરો ઈસુના નામમાં આમેન.

બાળકોની ઉંમર અને તેમની જરૂતિયાત પ્રમાણે પ્રવૃતિઓની પસંદગી કરો.

૧) **અબ્રાહમે વિશ્વાસથી મુસાફરી કરી.** અબ્રાહમે ઈશ્વરની આજ્ઞા માની તેણે તેનો મૂર્તિપૂજક દેશ છોડયો. કારણકે તેણે ઈશ્વર પર વિશ્વાસ કર્યો. તેણે તેના કુટુંબ સાથે અજાણ્યા દેશોનો પ્રવાસ કર્યો (ઉત્પતિ-૧૨માં અધ્યાય).

૨) **અબ્રાહમે વિશ્વાસથી ઉદારતાથી આપ્યું.** અબ્રાહમના ગોવાળીઆ અને તેના ભત્રીજા લોતના ગોવાળિયાઓ વચ્ચે તેમની ગાયો અને ઘેટાં ચરાવવા માટે તકરાર થઈ તકરાર ટાળવા અબ્રાહમે લોતને શ્રેષ્ઠ ભૂમિ તે (અબ્રાહમ) ઈશ્વર ઉપર વિશ્વાસ રાખનાર હોવાથી લેવા જણાવ્યું. લોતે સ્વાર્થીપણાથી શ્રેષ્ઠ ભુમિ પસંદ કરી પણ ઈશ્વરે અબ્રાહમને આશિર્વાદ આપ્યો (ઉત્પતિ ૧૩મો અધ્યાય)

૩) **અબ્રાહમ વિશ્વાસથી બહાદુરીથી લડયો.** લોતે સમૃદ્ધ નાસ્તિક સદોમ શહેરમાં રહેવાનુ પસંદ કર્યુ એક દિવસે પાંચ દુષ્ટ રાજાઓએ સદોમ શહેર કબ્જે કર્યુ અને તેના શહેરીઓને બંદીવાન બનાવી તેમનો અમુલ્ય ખજાનો લઈ લીધો છતાં લોતના કુટુંબઅને લોકોને બચાવવા અબ્રાહમ અને તેના ગોવાળીયાઓએ પેલા પાંચ રાજાઓને હરાવ્યા આથી સદોમના રાજાએ પોતાના માટે માલ રાખવાની અને જીતેલા લોકોને પાછા આપવાની આજીજી કરી. અબ્રાહમે બેઉ સામાન અને લોકો તેને પાછા આપ્યા (ઉત્પતિ ૧૪).

- બાળકોએ બધા તારા ગણતા કેટલો સમય લાગે તે પૂછો તેને ઘણા બધાં વંશજ થશે એવુ વચન ઈશ્વરે અબ્રાહમને આપ્યુ તે કેટલી મોટી વાત છે તે સ્પષ્ટ કરો
- બાળકોને પણ જો શકય હોય તો પ્રાર્થના કરવી જોઈએ




૪) **ઈશ્વરના વચન પર અબ્રાહમે વિશ્વાસ કર્યો.** ઈશ્વરે તેના દીકરા અર્થાત વંશજ મારફતે બધા દેશોને આશિર્વાદ આપવાનો અબ્રાહમ સાથે કાયમી કરાર કર્યો તેની પત્ની સારા બાળક જન્મવા માટે ઘણીજ ઘરડી થઈ ગઈ હતી એક દિવસે ઈશ્વરે આકાશ સામે ઉંચે જોવા કહ્યુ ઈશ્વરે તારા જેટલા સંતાનોનો વારસો આપવા વચન આપ્યુ. અબ્રાહમે ઈશ્વર પર વિશ્વાસ કર્યો તે વિશ્વાસને ઈશ્વર તેના ન્યાયીપણાને અર્થે ઠરાવ્યો. ઈશ્વરે સારાને ઈસ્કાહને જન્મ આપવા શકિત આપી તેનુ વચન પાળ્યુ. આજ સુધી ઈશ્વર અબ્રાહમના વારસ ઈસુ મારફતે બધા પૃથ્વીના દેશોને આશિર્વાદ આપે છે (ઉત્પતિ ૧૫,૧૭ અને ૨૧)



**પૃથ્વીના દેશો**

૫) **અબ્રાહમે વિશ્વાસથી પ્રાર્થના કરી.** એક દિવસે ઈશ્વરના દૂતે અબ્રાહમને કહ્યુ કે સદોમના લોકોને તેઓની દુષ્ટતાને કારણે હું તેઓનો નાશ કરવાનો છુ અબ્રાહમે લોત અને તેનુ કુટુંબ જે સદોમમાં રહેતુ હતુ તેનો બચાવ કરવા ઈશ્વરને આજીજી કરી. ઈશ્વરે તેના દુતોને અબ્રાહમના વિશ્વાસને લીધે તેમને બચાવવા મોકલ્યા સદોમનો સંપૂર્ણ નાશ કરવા માટે તેમણે આકાશમાંથી અગ્નિવર્ષા કરી (ઉત્પતિ ૧૮-૧૯ અધ્યાય).

૬) અબ્રાહમે વિશ્વાસથી હૃદય બંધ થાય તેવી આજ્ઞા પાળી એક દિવસે ઈશ્વરે અબ્રાહમના વિશ્વાસની કસોટી કરવા માટે તેણે તેના એકાકી પુત્ર, ઈસ્હાક કે જેના વડે ઈશ્વરના બધાજ વચનો થવાના હતા તેનુ બલિદાન આપવા આજ્ઞા કરી ઈશ્વર તેના દિકરાને ફરીથી સજીવન કરી શકે તેવુ જાણીને અબ્રાહમ બાળકનુ બલિદાન આપવા તૈયાર હતો. ઈશ્વરે તાબડતોબ એક ધેટાને અબ્રાહમના દીકરાને બદલે બલિદાન માટે પૂરો પાડયો (હેબ્રી ૧૧: ૧૭-૧૯)

૭) અબ્રાહમના ભલા કૃત્યોએ તેનો ઈશ્વર પરનો મહાન પ્રેમ દેખાડી આપ્યો તેના સારા કૃત્યોને લીધે નહીં પણ વિશ્વાસને લીધે અબ્રાહમને ઈશ્વરે ન્યાયી ઠરાવ્યો અને આશીર્વાદ આપ્યો. આજ અબ્રાહમનો વિશ્વાસે તેને સારા ભલા કૃત્યો કરવા દોર્યો.(યાકુબ ૨: ૨૧-૨૪)

વિશ્વાસના દાખલા આપતી ચાર વાતો જઈને શોધી લાવવા ચાર મોટા બાળકોને કહો જો આ ખૂબ મુશ્કેલ જણાય તો ફકત ચાર વસ્તુના ચિત્રો દોરવાનુ કહો.

**સાબુ**

**ચપ્પુ**

**નાની બાટલી (અથવા, ગોળી)**

**વધસ્તંભ** (બે સળી ભેગી બાંધીને).



બે સળી એકસાથે બાંધી
વધસ્થભ બનાવો.

- **પ્રથમ બાળક :** સાબુ લઈ પૂછે આપણે સાબુથી આપણા પાપો ધોઈ શકીએ ? (બાળકો જવાબ આપે)
- **બીજું બાળક :** ચપ્પુ બનાવી પૂછે,શું દાકતરો ચપ્પાથી આપણા પાપો કાપી શકે ?
- **ત્રીજું બાળક :** બાટલી બતાવી પૂછે, આપણા પાપો મટાડવા આપણે દવા લઈ શકીએ ?
- **ચોથું બાળક :** વધસ્તભ દેખાડી કહે આપણા પાપો કોણ લઈ શકે ?

**સ્પષ્ટ કરો** : ફકત ઈસુનું રકત જે વધસ્તભ પર વહેવડાવવામાં આવ્યું તે આપણા પાપો ધુએ છે આપણે ઈસુ પર વિશ્વાસ કરવોજ જોઈએ.આપણા પાપો માફ કરવા અને આપણને અંનતજીવન પ્રાપ્ત કરાવવા માટે તે મૃત્યુ પામ્યો અને મૃત્યુમાંથી સજીવન થઈ ઉઠયો.

અબ્રાહમની વાર્તાના ભાગોનુ **નાટય રૂપાંતર કરો.** ભજનસેવાના આગેવાન સાથે આ નાટક રજુ કરવાની ગોઠવણ કરો અને ઉપરોકત ચાર વસ્તુ દર્શાવો.

- દેવની આકાશવાણી અને અબ્રાહમના પાત્રો મોટો બાળક અથવા સભાસદ ભજવે,
- સારાહ અને દાસીના પાત્રો નાના બાળકો ભજવે.

**ઈશ્વરની વાણી :** અબ્રાહમ તેં મારા પર વિશ્વાસ કર્યો તેથી આકાશના તારા જેટલા તારા વંશજ હું વધારીશ.

**અબ્રાહમ** : ઉપર આકાશ તરફ જોઈ કહે ગણી શકાય નહી એટલા તારા છે હું તારા પર વિશ્વાસ કરૂ છું સર્વ શક્તિમાન ઈશ્વર તું બધુ જ કરી શકે છે.

**ઈશ્વરની વાણી** : તેં મારા પર વિશ્વાસ કર્યો હોવાથી હું તને ન્યાયી ઠરાવું છું અને આશિર્વાદ આપુ છું અને તારા વંશજમાંથી એક મારફતે હું બધા દેશોને આશિર્વાદ આપીશ.

**અબ્રાહમ** : પણ મારે દીકરો નથી અને મારી પત્ની બાળકને જન્મ આપવા અસમર્થ એવી ઘણી જ વૃદ્ધ છે.

**ઈશ્વરની વાણી** : મારો ભરોસો કર તારી પત્ની સારાહ દીકરો જણશે.

**અબ્રાહમ** : સારાહ તરફ જઈને કહે, ઈશ્વરનુ વચન છે કે તું દીકરો જણશે.


**સારાહ** : હસે છે પછી દાસીને કહે છે અબ્રાહમે મને શું કહ્યુ તે તેં સાભળ્યું ? તેણે કહ્યુ કે મને બાળક થશે.

**ચાકરો** : હસીને આમ વાત કહે પણ તમે બાળકો પ્રાપ્ત કરવા ઘણા વૃદ્ધ છો અબ્રાહમને આવું કોણે કહ્યું કે આવું થશે આ તો રમુજી મજાક છે

**અબ્રાહમ** : જેઓ સાંભળે છે તે બધા લોકોને કહે ''ઈશ્વરે તેનુ વચન પાળ્યું છે.તેણે ચમત્કાર સર્જ્યો છે સારાહે અમારા બાળક ઈસ્કાહને જન્મ આપ્યો છે જેના વંશજ થી સર્વ દેશો આશિર્વાદિત થશે. આ ઈસુ છે.'' (જેઓ એ નાટક ભજવવામાં મદદ કરી તે બધાનો આભાર માનુ છું)

બાળકો જ્વાળામુખી પર્વતનુ **ચિત્ર દોરે**. મોટા બાળકો નાનાને મદદ કરે ભજનસેવા વખતે તેમના ચિત્રો સભાસદોને બતાવે અને **સમજાવે :**

- જ્વાળમુખીઓ પર્વતોએ પોતાનો લાવારસ લોકો ઉપર નાખીને જેમ ઈશ્વરે સદોમના દુષ્ટ લોકોનો આકાશમાંથી અગ્નિ વર્ષાવીને નાશ કર્યો તેમ નાશ કરે છે.
- જેમ અબ્રાહમે લોતના કુટુંબને અગ્નિથી બચાવવા માટે પ્રાર્થના કરી તેમ આ બતાવે છે કે શા માટે આપણે ઈસુને ઓળખતા નથી તેવા લોકો માટે પ્રાર્થના કરવી જોઈએ.



**કાવ્ય** ગીતશાસ્ત્ર ૩૪,કલમ ૪,૭,૮,અને ૯ ચાર મોટા બાળકો યાદ કરી બોલે. મોટા બાળકો અબ્રાહમ અને તેની પ્રાર્થના વિષે ટુંકું કાવ્ય અથવા ગીત રચે.

હેબ્રી. ૧૧: ૧ **મુખપાઠ કરો. પ્રાર્થના** ''પ્રભુ તમે અમને આપેલા વચન માટે આભાર માનીએ છીએ તમે જે કહો છો તે કરો છો તે તેના પર અમે તમારે વિશ્વાસ કરીએ માટે સહાય કરો. અબ્રાહમના વિશ્વાસની માફક અમે તમારા વિશ્વાસ કરીએ છીએ. તેણે કર્યુ તેમ બીજાઓ માટે પ્રાર્થના કરવા અમને સહાય કરો.''

Copyright © 2004 by Paul Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net